## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા “વિશ્વ પશુચિકીત્સા દિવસ” ની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા તારીખ ૩૦ એપ્રીલ, ૨૦૨૨ ના રોજ અંકલાવ તાલુકાના હળદરી ગામ ખાતે “વિશ્વ પશુચિકીત્સા દિવસ” ની ઉજવણી કરવામાં આવેલ હતી જેમાં કુલ ૪૫ પશુપાલક ભાઈઓ તથા બહેનોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સદર કાર્યક્રમમાં હળદરી ગામના સરપંચશ્રી રસિકભાઇ અંબાલાલ ગોહેલ હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજના પશુપાલન વૈજ્ઞાનિક ડૉ. એસ. બી. કાટોલે એ સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યા બાદ આ કાર્યક્રમનું મહત્વ સમજાવ્યુ હતું. જેમાં તેઓએ આ વર્ષની થીમ “Strengthening veterinary resilience” જેનો અર્થ છે પશુચિકિત્સા સ્થિતિસ્થાપકતાને મજબૂત બનાવવી તે વિશે વિસ્તૃતમાં માહિતી આપી હતી. આ બાબતે તેઓએ જણાવ્યુ કે પશુચિકીત્સક પણ એક વ્યક્તિ છે અને એ સ્થિતિસ્થાપક જન્મતો નથી, સ્થિતિસ્થાપકતા એ એક પ્રક્રિયા છે. પશુચિકીત્સકો બર્ડ ફ્લૂ અને કોવિડ જેવી કટોકટીના સમયે પણ સંચાલન કરવા માટે તૈયાર થયા અને તેનો સામનો કર્યો હતો. વધુમાં તેમના દ્વારા સફળ પશુપાલન કરવા માટે આદર્શ પશુ રહેઠાણ, બાહ્ય તથા આંતરીક પરોપજીવીઓના ઉપદ્રવને અટકાવવાનાં પગલાં, પશુઓને દરરોજ નવડાવવા, દૂધની ઉત્પાદકતા કઇ રીતે વધારવી, ગુણવત્તા કઇ રીતે જાળવી રાખવી તેમજ સ્વચ્છતા અંગેની વિસ્તૃત માહિતી આપી હતી.

ડૉ. કાટોલે દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન લીલા ચારાનું આયોજન કેવી રીતે કરવું, લીલા ઘાસચારાનું મહત્વ તથા પશુપાલનમાં નવી ટેકનોલોજી વિશે પણ માહીતી આપી હતી. સમગ્ર પ્રોગ્રામનું આયોજન તેમજ સંચાલન માન. કુલપતિશ્રી, આકૃયુ, આણંદ, ડૉ. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ ડૉ. શ્રીકાંત બી. કાટોલે દ્વારા  કરવામાં આવેલ હતુ.

# <u>કાર્યક્રમની ઝાંખીઓ</u>







